# સશસ્ત્ર દળોમાં યુવાનોની ભરતી માટે નવી 'અગ્નિપથ' યોજના

**આ વર્ષે ૪૬ હજાર "અગ્નિવીરો"ની ભરતી કરાશે : એસએસસી પાસ યુવાનો માટે ચાર વર્ષ સશસ્ત્ર દળોમાં કામ કરવાનો અનુભવ લેવાની તક મળશે : આકર્ષક માસિક પેકેજની સાથે ભથ્થાંઓ પણ મળશે : ચાર વર્ષનો અનુભવ અને તેનુ સર્ટિફિકેટ યુવાનોને કેરિયરમાં ઉપયોગી નિવડશે**

ગાંધીનગર, તા.૧૫

કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા તા.૧૪મી જુન ૨૦૨૨ના રોજ ભારતીય યુવાનો માટે સશસ્ત્ર દળોમાં સેવા આપવા માટે આકર્ષક દળોની યુવા પ્રોફાઈલને સક્ષમ બનાવવા માટે ખાસ તૈયાર કરવામાં આવી છે. આ એવા યુવાનોને દેશની સેવા કરવાની તક પૂરી પાડશે જેઓ સમાજમાંથી યુવા પ્રતિભાઓને અને બાહ્ય જોખમો, આંતરિક જોખમો તેમજ કુદરતી આફતો જેવા સમયમાં રાષ્ટ્રીય સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે પ્રશિક્ષિત કર્મચારીઓની ઉપલબ્ધતાનો લાભ



ભરતી યોજનાને મંજૂરી આપવામાં આવી છે. "અગ્નિપથ" નામની આ યોજના હેઠળ પસંદ કરવામાં આવેલા યુવાનોને "અગ્નિવીર" તરીકે ઓળખવામાં આવશે. અગ્નિપથ યોજના દેશભક્ત અને પ્રેરિત યુવાનોને સશસ્ત્ર દળોમાં ચાર વર્ષની મુદત સુધી સેવા આપવાની તક પ્રાપ્ત થશે. આજે ગાંધીનગર ખાતેના સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ ખાતે એરફોર્સના અધિકારીઓ દ્વારા અગ્નિપથ યોજના અંગે માહિતી આપવામાં આવી હતી.

અગ્નિપથ યોજના સશસ્ત્ર આકર્ષિત કરીને મિલિટરી વર્દી ધારણ કરવા માંગતા હોય અને સમકાલિન ટેકનોલોજીકલ પ્રવૃત્તિઓને અનુરૂપ હોય તેમજ સમાજમાં કુશળ, અનુશાસિત અને પ્રેરિત જનશક્તિ પૂરી પાડતા હોય. એવી કલ્પના કરવામાં આવી છે કે આ યોજનાના અમલીકરણથી ભારતીય સશસ્ત્ર દળોની સરેરાશ ઉંમરમાં લગભગ ૪-૫ વર્ષ સુધીનો ઘટાડો થશે. રાષ્ટ્રના યુવાનો માટે ટૂંકા ગાળાની સૈન્ય સેવાનો અનુભવ લેવાનો લાભ પ્રાપ્?ત થશે અને દેશને દેશભક્તિ, ટીમ વર્ક, શારીરિક તંદુરસ્તી, દેશ પ્રત્યેની વફાદારી મળશે.

અગ્નિપથ યોજના હેઠળ, અગ્નિવીરોની નોંધણી ચાર વર્ષની મુદત માટે સંબંધિત સેવા અધિનિયમો હેઠળ દળોમાં કરવામાં આવશે. તેઓ સશસ્ત્ર દળોમાં એક અલગ રેંક બનાવશે, જે હાલની અન્ય કોઈપણ રેંકથી અલગ રહેશે. અગ્નિવીરોને સશસ્ત્ર દળો દ્વારા સમયાંતરે જાહેર કરવામાં આવતી સંગઠનાત્મક જરૂરિયાતો અને નીતિઓના આધારે ચાર વર્ષની સેવા પૂરી થયા પછી, સશસ્ત્ર દળોમાં કાયમી નોંધણી માટે અરજી કરવાની તક આપવામાં આવશે.

## અગ્નિવીરોને મળનારાં લાભો

અગ્નિવીરોને ત્રણેય સેવામાં અમલમાં હોય તે અનુસાર જોખમ અને હાડમારી ભથ્થાઓ સાથે આકર્ષક કસ્ટમાઈઝ્ડ માસિક પેકેજ પણ આપવામાં આવશે. અગ્નિવીરોને ચાર વર્ષની મુદતના કરાર અનુસાર સેવા પૂરી કર્યા પછી, એક વખતની ચુકવણીના ધોરણે 'સેવા નિધિ' પેકેજ ચૂકવવામાં આવશે, જેમાં તેમણે આપેલા યોગદાનનો સમાવેશ થાય છે, તેમજ આ યોગદાન પર મળેલું વ્યાજ અને સરકાર તરફથી તેમનાં યોગદાનની સંચિત રકમના વ્યાજ સહિત આપવામાં આવેલા સમાન યોગદાનનો સમાવેશ થાય છે. પહેલાં વર્ષે મસિક ૩૦હજાર, બીજા વર્ષે માસિક ૩૩હજાર, ત્રીજા વર્ષે માસિક ૩૬,૫૦૦ અને ચોથા વર્ષે માસિક ૪૦હજારનું પેકેજ મળશે જેના ૭૦ ટકા રકમ અગ્નિવીરના હાથમાં આવશે જ્યારે બાકીની ૩૦ ટકા રકમ અગ્નિવીર કોર્પસ ફંડમાં યોગદાન તરીકે જમા થશે જેમાં ભારત સરકાર દ્વારા યોગદાન ઉમેરાશે. ચાર વર્ષ બાદ વિદાય સેવા નિધિ પેકેજ તરીકે રૂપિયા ૧૧.૭૧ લાખની ચુકવણી કરવામાં આવશે જે રકમ પર લાગુ પડતા વ્યાજદરે એકત્રિત વ્યાજ સહિત આપવામાં આવશે તેમજ આ 'સેવા નિધિ'ને આવકવેરામાંથી મુક્તિ મળશે.

## અગ્નિવીરની ભરતી માટે લાયકાત

ત્રણેય સેવાઓ માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ અને રાષ્ટ્રીય કૌશલ્ય લાયકાત ફ્રેમવર્ક જેવી માન્યતા પ્રાપ્ત ટેકનિકલ સંસ્થાઓમાંથી વિશિષ્ટ મેળાઓ અને કેમ્પસ ઈન્ટરવ્યુની મદદથી ઑનલાઈન કેન્દ્રીયકૃત સિસ્ટમ દ્વારા નોંધણીની કામગીરી કરવામાં આવશે. આ નોંધણી 'ઓલ ઈન્ડિયા ઓલ ક્લાસ' (સમગ્ર ભારતમાંથી તમામ વર્ગો)ના આધાર પર હાથ ધરવામાં આવશે અને પાત્રતા ઉંમર ૧૭.૫ થી ૨૧ વર્ષ વચ્ચે રહેશે. અગ્નિવીર સશસ્ત્ર દળોમાં સંબંધિત કેટેગરીઝ/ટ્રેડને લાગુ પડે છે તે અનુસાર નોંધણી માટે નિર્ધારિત તબીબી પાત્રતાની શરતોને પૂર્ણ કરશે. અગ્નિવીરો માટેની શૈક્ષણિક લાયકાત વિવિધ કેટેગરીમાં નોંધણી માટે પ્રવર્તમાન હોય તે મુજબ નિયત કરાઈ છે જેમકે જનરલ ડ્યૂટી સૈનિકમાં પ્રવેશ માટે શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ની છે.

# ગાંધીનગર એઆરટીઓમાં વ્હીકલના પસંદગીના નંબરો માટે હવે ઑનલાઈન ડાયનેમિક ઑક્શન પ્રોસેસ

**અરજદારે વેબસાઇટ પર હરાજીની પ્રક્રિયા દરમિયાન વખતોવખત હરાજીની રકમમાં ઉમેરો કરવાનો રહેશે : વનટાઈમ બિડીંગ પ્રોસેસ કરી શકાશે નહીં : તા. ૨૫ મી જૂને ૪.૦૦ વાગે રજીસ્ટ્રેશન શરૂ થશે : તા. ૨૭મી જૂને ઓનલાઈન ઓક્શન શરૂ થશે**

ગાંધીનગર

ગાંધીનગરની સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (એ.આર.ટી.ઓ.) કચેરી દ્વારા વાહનોના પસંદગીના નંબરો મેળવવા માટે ટુ-વ્હીલરની પાંચ સિરીઝ; GJ-18-DK, GJ-18-DL, GJ-18-DM, GJ-18-DN અને GJ-18-DP તથા એલ.એમ.વી. કારની પાંચ સિરીઝ GJ-18-BM, GJ-18-BN, GJ-18-BP, GJ-18-BQ અને GJ-18-BR નું રિ-ઑક્શન શરૂ કરાશે. વાહનોના નંબરોની હરાજી પારદર્શક, ઝડપી અને વધુ કાર્યક્ષમ બનાવવા હવે ઑનલાઈન ઑક્શન કરાશે, એટલું જ નહીં ઑનલાઈન ઑકશનની પ્રક્રિયા ડાયનેમિક ઑક્શન પ્રોસેસ રહેશે. એટલે કે, હરાજીમાં ભાગ લઈ રહેલા અરજદારે વેબસાઈટ પર હરાજી પ્રક્રિયા દરમિયાન વખતોવખત હરાજીની રકમનો ઉમેરો કરવાનો રહેશે. જે રૂ. ૧,૦૦૦ ના ગુણાંકમાં રહેશે. અત્યારની વન ટાઈમ બિડીંગ પ્રોસેસની જેમ એક જ વખતની બિડ પ્રોસેસ કરી શકાશે નહીં.

ગાંધીનગરના સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ આ અંગે વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું છે કે, પસંદગીના નંબરો માટે રાજ્ય સરકારના વર્ષ-૨૦૧૫ ના પરિપત્રની સૂચનાઓ, જેવી કે ગોલ્ડન નંબર, સિલ્વર નંબર, બેઝ એમાઉન્ટ, રજીસ્ટ્રેશન ટેક્ષ, સી.એન.એ. ફોર્મ વગેરે યથાવત રાખીને વાહન ૪.૦ માં ઉપલબ્ધ નાગરિક કેન્દ્રિત સગવડોને લક્ષમાં રાખીને રાજ્ય સરકારે ઑનલાઈન ઑક્શન કરવાનું નક્કી કર્યું છે.

ઈ-ઑક્શન પ્રક્રિયા માટે રજીસ્ટ્રેશન તા. ૨૫/૬/૨૦૨૨ એ સાંજે ૪.૦૦ કલાકે શરુ કરાશે. રજીસ્ટ્રેશન તા. ૨૭/૬/૨૦૨૨ એ સાંજે ૩.૫૯.૫૯ કલાકે બંધ થશે. ઈ-ઑક્શન તા. ૨૭/૬/૨૦૨૨ એ સાંજે ૪.૦૦ કલાકે શરુ થશે. અને ઈ-ઑક્શન તા. ૨૯/૬/૨૦૨૨ એ સાંજે ૪.૦૦ કલાકે બંધ થશે.

ઑનલાઈન ઑક્શનમાં ભાગ લેનાર અરજદારે http:/parivahan.gov.in/parivahan પર નોંધણી કરવાની રહેશે. યુઝર આઈ.ડી.-પાસવર્ડ તૈયાર કરવો તેમજ આ વેબસાઈટ પર લોગ ઈન કરીને વાહન ખરીદીના સાત દિવસની અંદર ઑનલાઈન સી.એન.એ.ફોર્મ ભરવાનું રહેશે. હરાજીની પ્રક્રિયામાં ભાગ લેનારે ચુકવણું કરવું અને વાહન નંબર મેળવવો. આ માટેની વિગતવાર સુચનાઓ એપેન્ડિક્સ-એ ઉપર આપેલી છે. આ એપેન્ડિક્સ-એ કચેરીના નોટિસ બોર્ડ પર અને રજિસ્ટ્રેશન શાખામાં રૂબરૂ પણ જોવા મળશે. અરજદારે હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણાં જમા કરાવવાના રહેશે. જો નિયત સમયમર્યાદામાં નાણાં ચૂકવવામાં અરજદાર નિષ્ફળ જશે તો મૂળ રકમ-બેઝ પ્રાઈસ જપ્ત કરીને ફરીવાર હરાજી કરવામાં આવશે. ઑનલાઈન ઑક્શન દરમિયાન અરજદારે આરબીઆઈ દ્વારા નક્કી કરેલ દરે ચાર્જ ચુકવવાનો રહેશે.

# વિદ્યાના વારાસણી જેવા વડોદરામાં સરસ્વતી સાધનાની વધુ એક અનુપમ સુવિધા થશે સાકાર

**પ્રધાનમંત્રી વડોદરાના કાર્યક્રમમાં કુંઢેલા નજીક ૧૦૦ એકર જમીનમાં સ્થપાનારી સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના નિર્માણ માટે કરશે શિલાન્યાસ**

ગાંધીનગર, તા.૧૫

લોક કલ્યાણ માટે સયાજીરાવના શાસન સૂત્રોમાં અડગ વિશ્વાસ ધરાવનારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ, વડોદરાની વિદ્યાના આંતરરાષ્ટ્રીય ધામ તરીકેની ખ્યાતિને વધુ વ્યાપક બનાવવા શિક્ષણના આંતરરાષ્ટ્રિય માપદંડોને અનુસરીને જેનું નિર્માણ થવાનું છે તેવી સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત - ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય માટે વડોદરાની પસંદગી કરીને એક નવું વિદ્યા આયામ ઉમેરવાનું દૂરંદેશીભર્યું આયોજન કર્યું છે.

પ્રધાનમંત્રી તા.૧૮ મી જૂનના રોજ વડોદરાના લેપ્રસી મેદાન પર યોજાનાર ગુજરાત ગૌરવ અભિયાન પ્રસંગે ડભોઈ તાલુકાના કુંઢેલા નજીક આ નવીન વિશ્વવિદ્યાલયના સંકુલના નિર્માણ માટે શિલાન્યાસ કરશે. આ દિવસે તેઓ વડોદરામાં જ આકાર લેનારી, દેશની તેના પ્રકારની સર્વ પ્રથમ ગતિશક્તિ વિશ્વવિદ્યાલયના નિર્માણનો પણ પ્રારંભ કરાવવાના છે. આમ, એક જ દિવસમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રધાનમંડળના સદસ્યોની ઉપસ્થિતિમાં આ શિલાન્યાસ થશે.

## ગુજરાતની પહેલી સેન્ટ્રલ યુનિવર્સિટી બનશે

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી શનિવારે વડોદરામાં જેના નિર્માણનો શિલાન્યાસ કરવાના છે એ સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત-ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય ગુજરાતની પહેલી સેન્ટ્રલ યુનિવર્સિટી બનશે. પ્રાપ્ત માહિતી મુજબ હાલમાં દેશમાં કુલ ૫૪ કેન્દ્રીય વિશ્વવિદ્યાલયો શિક્ષણ પ્રદાન કરી રહ્યાં છે. દેશના ૧૫ રાજ્યોમાં આ વિશ્વવિદ્યાલયો કાર્યરત કરવામાં આવ્યા છે.

કુંઢેલા સી.યુ.જી.નું ટ્રાન્ઝીટ હેડ ક્વાર્ટર પ્રથમ ગાંધીનગર રાખવામાં આવ્યું છે જે પરિસર નિર્માણ પછી આ સ્થળે ખસેડવામાં આવશે. દેશના તમામ રાજ્યોના વિદ્યાર્થીઓ હાલની સેન્ટ્રલ યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવે છે. જેમાં ગુજરાતના વિદ્યાર્થીઓનું પ્રમાણ અંદાજે ૨૦ ટકા જેટલું હોવાનું અનુમાન છે.

વિદ્યાના વારાણસી જેવા વડોદરાની શિક્ષણ સુવિધાઓમાં બે ઉચ્ચતમ શિક્ષણ સંસ્થાઓના ઉમેરાનો માર્ગ ખુલશે અને આ દિવસ વડોદરાના ઉજ્જવળ ઈતિહાસમાં અંકિત થઈ જશે.

શિક્ષણ સુવિધાને વ્યાપક બનાવવાના સંકલ્પ હેઠળ ગુજરાત સરકારે આ નવા વિદ્યાધામના નિર્માણ માટે કુંઢેલા નજીક કરોડોમાં કિંમત અંકાય એવી ૧૦૦ એકર જેટલી વિશાળ જમીન ફાળવી છે.

# રાજયમાં આંતરરાષ્ટ્રિય યોગ દિવસ ઉજવણી કાર્યક્રમોને આખરી ઓપ આપ્યો

**રાજ્યકક્ષાના યોગ દિવસ કાર્યક્રમમાં અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૭૫૦૦થી વધુ નાગરિકો યોગમય બનશે : આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાજ્યના ૭૫ આઇકોનિક પ્લેસીસ પર સામુહિક યોગ થશે**



ગાંધીનગર, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આગામી ૨૧મી જૂને ઉજવાનારા આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમોને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આ હેતુસર ઉચ્ચસ્તરીય બેઠક ગાંધીનગરમાં યોજવામાં આવી હતી.

આ વર્ષના આંતરરાષ્ટ્રિય યોગ દિવસની મુખ્ય થીમ 'યોગ ફોર હ્યુમેનિટી' 'માનવતા માટે યોગ' રાખવામાં આવેલી છે.

આંતરરાષ્ટ્રિય યોગ દિવસની રાજયકક્ષાથી લઈને જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરની ઉજવણીમાં અંદાજે સવા કરોડ લોકોને યોગમય બનાવી આ દિવસની ઉજવણી કરવા રાજ્ય સરકારે સુદ્રઢ આયોજન કર્યુ છે.

આ સમગ્ર આયોજનની તલસ્પર્શી છણાવટ તથા સંબંધિત તંત્રવાહકોને જરૂરી માર્ગદર્શન મુખ્યમંત્રીએ આ બેઠકમાં આપ્યું હતું.

મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, પંચાયત, મહેસૂલ, આરોગ્યના તથા મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ, પ્રવાસન, પ્રાથમિક શિક્ષણ અને રમત-ગમતના અગ્ર સચિવો સહિત ગુજરાત યોગ બોર્ડના અધ્યક્ષ શીશપાલજી અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ સહિત વરિષ્ઠ અધિકારીઓ આ બેઠકમાં સહભાગી થયા હતા.

યોગ દિવસે રાજ્યકક્ષાનો મુખ્ય કાર્યક્રમ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં યોજાવાનો છે. કેન્દ્રીય નાણાં રાજ્યમંત્રી અને રાજ્યના રમત-ગમત મંત્રી હર્ષ સંઘવી પણ આ રાજ્યકક્ષાના કાર્યક્રમમાં જોડાશે. લગભગ ૭૫૦૦ થી વધુ લોકો આ કાર્યક્રમમાં યોગ માટે જોડાશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિશ્વ યોગ દિવસના કાર્યક્રમોમાં વર્ચ્યુયલ ઉપસ્થિત રહી પ્રેરણાદાયી સંબોધન કરશે તેનું જીવંત પ્રસારણ યોગ દિવસની ઉજવણીના તમામ સ્થળોએ કરાશે.

આઝાદી કા અમૃત મહોત્સવ-સ્વતંત્રતાના ૭૫ વર્ષ અંતર્ગત આ વર્ષનો વિશ્વ યોગ દિવસ ગુજરાતમાં કુલ ૭૫ આઈકોનીક સ્થળોએ પણ ઉજવવામાં આવશે તેમ બેઠકમાં રમત-ગમત અગ્ર સચિવ અશ્વિની કુમારે વિસ્તૃત વિગતો આપતાં જણાવ્યું હતું.

# રાજ્યમાં પૂરતા પ્રમાણમાં ઈંધણ ઉપલબ્ધ : ઊર્જા મંત્રી

**રાજ્યમાં ઈંધણના અછતની અફવા : પૂરતા પ્રમાણમાં છે સ્ટોક : ઊર્જા મંત્રી કનુ દેસાઇ**

ગાંધીનગર, તા.૧૫

આજે વલસાડમાં સુશાસનના ૮ વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રાજ્યના ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ પેટ્રોલ-ડીઝલની અછતને લઈે નિવેદન સામે આપ્યું છે. તેમણે કહ્યું કે, ઈંધણની અછત માત્ર અફવા છે. અત્યારે રાજ્યમાં પૂરતા પ્રમાણમાં ઈંધણ ઉપલબ્ધ છે. વધુમાં તેમણે કહ્યું કે, સરકારે વીજ કટોકટી મામલે જે પ્રકારે પગલાં ભર્યા છે, તે પ્રકારે આ મુદ્દે પણ સરકાર પ્લાનિંગ કરી રહી છે. અત્યારે રાજ્યમાં ઈંધણની કોઈ પ્રકારની અછત નથી. જેથી લોકોએ આ પ્રકારની અફવાથી દૂર રહેવું જોઈએ.

છેલ્લાં કેટલાંક સમયથી રાજ્યમાં પેટ્રોલ-ડીઝલને લઈને અફવાઓનું બજાર ગરમાયું છે. રાજ્યમાં પેટ્રોલ-ડીઝલ ખૂટ્યું હોવાની અફવાઓ વચ્ચે પેટ્રોલ-ડીઝલને લઈને સૌથી મહત્વના સમાચાર સામે આવ્યા છે. આણંદ જિલ્લાના ૬૦ ટકા પંપો પર પેટ્રોલ-ડીઝલનો જથ્થો ન હોવાના બોર્ડ લાગ્યા છે. પેટ્રોલ-ડીઝલના અપૂરતા જથ્થાને લઈને અંદાજીત ૩૦ લાખ વાહન ચાલકો પ્રભાવિત થયા છે. અપૂરતા જથ્થાને લઈ પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો લાગી ગઈ છે.

# કોળી સમાજના દિગ્ગજ નેતા કુંવરજી બાવળીયા અને દેવજી ફતેપુરા એક થયા

રાજકોટ, તા.૧૫

ગુજરાતમાં આ વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા જ તમામ નેતાઓ પોતાની રણનીતિ બનાવવામાં વ્યસ્ત થઈ ગયા છે. હવે રાજકોટથી મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. ચૂંટણી પહેલાં કોળી સમાજના દિગ્ગજ નેતા કુંવરજી બાવળીયા અને દેવજી ફતેપરા એક થઈ ગયા છે. રાજકોટની એક હોટલમાં કોળી સમાજના આગેવાનો સાથે એક મહત્વની બેઠક યોજવામાં આવી હતી.

ગુજરાતમાં કોળી સમાજ પણ મહત્વનું પ્રભુત્વ ધરાવે છે. ત્યારે ચૂંટણી પહેલાં કોળી સમાજના દિગ્ગજ નેતા કુંવરજી બાવળીયા અને દેવજી ફતેપરા એક થયા છે. આજે રાજકોટમાં કોળી સમાજની મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં જસદણ વિધાનસભા સીટ પર કોળી સમાજને ટિકિટ આપવાની માંગ પણ ઉઠાવવામાં આવી છે.

# જીએમઈઆરએસ ખાતે બ્લડ બેંકમાં વિશ્વ રક્તદાતા દિવસે ૧૪૦ લોહીની બોટલનું દાન મળ્યું



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જીએમઈઆરએસ, મેડીકલ કોલેજ દ્વારા બ્લડબેંક વિભાગમાં વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે ૧૪ જૂને રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન એ જ મહાદાન આ વાક્યને સ્ટાફે ખરા અર્થમાં સાર્થક બનાવ્યું છે. આ બ્લડબેંક ૨૪ કલાક હોસ્પિટલના દર્દીઓ માટે કાર્યરત હોય છે. હોસ્પિટલમાં આવતા ઈમરજન્સી કેસ કે સગર્ભા મહિલાઓના જીવનનો સવાલ હોય બ્લડબેંક હંમેશા દરેક દર્દીને મદદરૂપ થાય છે. થેલેસેમીયાના બાળકોને પણ આ બ્લડબેંકમાંથી નિયમિતરૂપે વિનામૂલ્યે બ્લડ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. વિશ્વ રક્તદાતા દિવસે આ બ્લડબેંકને ૧૪૦ લોહીની બોટલનું દાન મળ્યું છે. વાર્ષિક ૫૦૦૦ જેટલી બ્લડ બેગનું દાન અહીંયા પ્રાપ્ત થાય છે. જે દરેક બ્લડ બેગ હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓને વિનામૂલ્યે આપવામાં આવે છે.

## વધુ ૧૦ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી ધીમી ગતિએ કોરોનાના કેસો વધી રહ્યા છે. તેથી તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા ૩ કેસ સાથે તંત્રએ ૫૮૮ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે. આજે નોંધાયેલા ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેર-જિલ્લામાં ઓમિક્રોમ રિટર્ન્સની વાતો જોરશોરથી શરૂ થઈ છે તંત્રએ પણ હોમ આઈસોલેશનમાં મોટાભાગના દર્દીઓ સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા કડક તાકીદ કરી છે એટલુ જ નહિ સર્વેલન્સ પણ સઘન કરવા માટે તાકીદ કરી છે.

## નાજુક બની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા પંચાયતની આર્થિક સ્થિતિ જે રીતે નાજુક બની છે તેમાં નબળુ નેતૃત્વ તેમજ આયોજન માટે અધિકારીઓનું મૌન વધુ જવાબદાર હોવાની ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં શરૂ થઈ ગઈ છે.

જિલ્લા પંચાયતની આ સ્થિતિ સંભાળવી હવે એક પડકાર બનીને સામે આવી છે ત્યારે આગામી દિવસોમાં કરકસરના કેવા પગલાં લેવામાં આવે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

જિલ્લામાં આરોગ્યતંત્ર તો માઈનસ ગ્રાન્ટમાં ચાલી રહ્યુ છે બીજી તરફ જે રીતે જિલ્લામાં આરોગ્ય સેવાઓ માટે ખર્ચની જરૂરિયાતને કેવી રીતે પહોંચી વળાશે તે પણ એક યક્ષ પ્રશ્ન બન્યો છે.

## પારો ઉંચકાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાપમાન ૨૭.૪ ડીગ્રી રહ્યુ હતુ જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ સવારે યથાવત રહ્યુ હતુ અલબત્ત ભેજ ૭૨ ટકા રહ્યો હતો જયારે સાંજના સમયે ભેજમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. છેલ્લા ત્રણ મહીનાથી આકરી ગરમીથી ત્રસ્ત નગરજનો મેઘરાજાની વાટે છે. જયારે બે દિવસના વાદળિયા વાતાવરણના અંતે પણ મેઘરાજા રિસાયેલા રહેતા શહેરીજનો હવે ગરમી વધવાથી વધુ અકળાયા છે. મોસમના વિચિત્ર મિજાજથી જન આરોગ્ય વધુ પ્રભાવિત થયુ છે. શહેરીજનો વિચિત્ર મોસમથી બેચેની અનુભવી રહ્યા છે. આકાશમાંથી વરસાદી વાદળો હટી જતા ફરીથી ગરમીની અસરથી આજે જનજીવન પ્રભાવિત રહ્યુ હતુ.

## નવી ટાંકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ષો સુધી આ પ્રકારની સમસ્યા ઉભી થશે નહીં. શહેરમાં હાથ ધરાયેલી ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના અન્વયે ભાવિ સમયને અનુલક્ષી પાંચ લાખની વસતીને ધ્યાનમાં રાખી આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેમાં મોટાડાયામીટરની લાઈન નાંખવામાં આવી રહી છે જેમાં કોમ્પ્યુટરાઈઝ્ડ સ્કાડા સિસ્ટમના આધારે કોઈ પણ ઠેકાણે લાઈનમાં ફોલ્ટ થશે તો ફરિયાદ પુર્વે જ સમસ્યાનો અંત આવી જશે. આ ઉપરાંત સેકટરોમાં પાણીનો ફોર્સ પણ જાળવી શકાશે. શહેરમાં પાણીની નવી લાઈન નાંખવાની સાથે ગટરની નવી લાઈન પણ નાંખવામાં આવી રહી છે. જેના લીધે સેકટરોમાં ઠરે ઠેર ખોદકામ હાથ ધરાયુ છે. જેથી આગામી વરસાદી દિવસોમાં માટીનુ પોલાણ થવાની સંભાવના પણ વધી છે. વરસાદી દિવસોમાં સેકટરવાસીઓએ આ સ્થિતિને ધ્યાનમાં રાખીને વિશેષ સાવચેતી રાખવવી પડશે. અગાઉ કોર્પોરેશન કક્ષાએથી સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી હાથ ધરવામાં આવી ત્યારે પણ સેકટરોમાં ઠેર ઠેર માટી પોલાણના લીધે અકસ્તામો સર્જાયા હતા જયારે શહેરમાં ફુટપાથનુ નેટવર્ક હજુ પણ આ કામગીરીના લીધે ઠેકાણે પડ્યુ નથી. ત્યારે પાણી ગટરની લાઈનના ખોદકામ બાદ ચોમાસામાં આમ નાગરિકોને કોઈ હાલાકી ન વેઠવી પડે તે મુજબ આયોજન કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની છે.

## બદલાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આઈઓરા મામલતદાર તરીકે અમદાવાદના સુશ્રી વી.એ. પરમારની નિયુક્તી કરવામાં આવી છે.

જિલ્લાના ત્રણ નાયબ મામલતદાર નિલેશ રબારી, સુશ્રી હેતલબા ચાવડા અને સી.એલ. સુતરિયાને બઢતી આપવામાં આવી છે. નિલેશ રબારીને આણંદ (સીટી) મામલતદાર તરીકે, સુશ્રી હેતલબા ચાવડાને અમદાવાદ કલેક્ટરમાં આઈઓરા મામલતદાર તરીકે અને સુતરીયાને બાવળા મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે.

## લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

સરસ્વતી સાધકો લક્ષ્મી ઉપાસકો બન્યા ને કર્તવ્ય વિમુખ થયા એ સ્વીકાર્ય બાબત છે જ. એટલે તો કવિ - વિવેચક પ્રવીણભાઈ દરજી ત્રિસ્તરીય શિક્ષકની વાત કરે છે, 'પ્રથમ વર્ગ એ કે જે સજ્જ છે, વિષય નિપુણ છે ને ચાહીને શિક્ષક બન્યો છે. આવી સંખ્યા જૂજ છે. બીજો વર્ગ બહુમતીમાં છે જે ચબરાક છે, વિષયનું થોડું ઘણું જ્ઞાન ધરાવે છે, પલ્લવગ્રાહી પાંડિત્ય ધરાવનારા... વૃક્ષો વિનાના દેશમાં એરંડા પ્રધાન જેવા... અને ત્રીજો વર્ગ છે કે જે બીજે કયાંક મેળ ન પડતાં શિક્ષક બની બેઠો, એની પાસે ઝાઝી આવડત નથી. માત્ર માર્ગદર્શિકાઓ અને જૂની નોટ્સ કે લખાણો પર નભતો હોય આવા શિક્ષકોને મન શિક્ષણ એ ધ્યેય નહિ પણ ધંધો છે.'

દોસ્તો, શિક્ષક તરીકે એકવાત ગાંઠે બાંધી રાખજો કે આપણો તે મનુષ્યના મનુષ્યત્વને ઉજાગર કરવાનું છે. મૃતપ્રાય થતી સંવેદનાઓને જગાડવાની છે. શિક્ષક તો જીવન શિલ્પી છે. શિક્ષણ વ્યવસાય નથી સેવા છે, શિક્ષણ ક્ષેત્રનો ઉજાસ ઘટવા પાછળ 'આચાર્ય દેવો ભવ' ની ભાવના લુપ્ત થવા માંડી તે છે, શિક્ષણનું પતન કયારેક ન થાય - શિક્ષકને વિદ્યાર્થીનું પતન થાય.... વિદ્યાર્થી મોટો નથી વિદ્યાલય મોટું છે, જ્ઞાન તીર્થ છે, શિક્ષક તેજપુંજ છે, જયોતિર્ધર છે... શિક્ષકે તો 'સ્વ' માં અભિવ્યક્તિ, સંવેદના અને શ્રદ્ધા જન્માવવાની છે.... ચાલો ધ્યેય, તરફ આગળ વધીએ...!!!

**સ્પર્શમણિ :**

સદ્‌ગુણ વિના સુંદરતા અભિશાપ છે.

● ● ●

હાજરીમાં જે તમારાથી ડરે એ ગેરહાજરીમાં ધિક્કારે છે.

● ● ●

લોખંડનો સૌથી મોટો દુશ્મન એનો પોતાનો જ કાટ છે.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

## પ્રાથમિકતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

અગ્નિવીર બનેલા ૭૫ ટકા યુવાઓ પાસે ચાર વર્ષ બાદ શું વિકલ્પ રહેશે? સરકાર ભલે તેમને લગભગ ૧૨ લાખ જેટલા રૂપિયા સેવા નીધિ આપશે પરંતુ તેમને બીજે નોકરી અપાવવા માટે સરકાર પાસે શું સ્કિમ છે? રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું હતું કે અનેક મંત્રાલયો અને રાજ્ય સરકારોએ એવી ઈચ્છા વ્યક્ત કરી છે કે તેમના મંત્રાલયો, કોર્પોરેશનોમાં જો કોઈ ભરતી આવે તો તેમને તેમા પ્રાથમિકતા આપવામાં આવશે. જલદી તેઓ આ અંગે જાહેરાત પણ કરી શકે છે. જ્યારે મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે તો મંગળવારે જ જાહેરાત કરી કે અગ્નિવીર યોજના હેઠળ સેનામાં કામ કરનારા જવાનોને મધ્ય પ્રદેશ પોલીસમાં પ્રાથમિકતા આપવામાં આવશે.